# હવે શૅરના ભાવ ગુજરાતીમાં જાણો તમારા મોબાઈલ પર

**એ**ન્ડ્રોઈડ મોબાઈલ ફોનના આગમન બાદ હવે બજારની માહિતી માટેનાં પરંપરાગત સાધનો જેવાં કે દૈનિકો કે મીડિયા આદિ હાંસિયામાં ધકેલાઈ ગયાં છે. રોકાણકારો માટેની સુવિધાઓમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે અને હવે તો બજારની પળેપળની સ્થિતિથી માહિતગાર રહી શકાય એવાં એપ્લિકેશન્સ ઉપલબ્ધ થયાં છે.

જો તમે સ્માર્ટ ફોન વાપરતા હો તો તમારા માટે સારા સમાચાર એ છે કે બીએસઈએ સેમસંગ મોબાઈલ માટેનું એક એપ્લિકેશન ''બીએસઈ ઈન્ડિયા ગુજરાતી'' લોન્ચ કર્યું છે, જેને સ્માર્ટ ફોનધારકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આવું એપ્લિકેશન હિંદીમાં પણ ઉપલબ્ધ કરવામાં આવ્યું છે. આ એપ્લિકેશન દ્વારા તમે શેરબજારની છેલ્લામાં છેલ્લી માહિતી પ્રાપ્ત કરી શકો છો. એન્ડ્રોઈડ સ્માર્ટ ફોન પર સેન્સેક્સ અને અન્ય બધી સ્ક્રિપ્સના રિયલ ટાઈમ ભાવ ઉપલબ્ધ થાય છે. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ સાથે તેનો ગ્રાફ, અન્ય ટ્રેડિંગ માહિતી, માર્કેટ ડેપ્થ અને કંપનીઓ દ્વારા કરવામાં આવેલી ઘોષણાઓ જોઈ શકો છો. આ ઉપરાંત અન્ય શેરઆંકોની વૃદ્ધિ, સૌથી અધિક વધેલા અને અને ઘટેલા તેમ જ વોલ્યુમમાં ઉછાળો આવ્યો હોય એવા શેરોની જાણ પણ તમને પળવારમાં આ એપ્લિકેશન દ્વારા થઈ જાય છે. અત્યાધુનિક સુવિધાઓ ગુજરાતીમાં ઉપલબ્ધ કરવાની પહેલ માત્ર બીએસઈએ કરેલી છે અને તે દિશામાં આ એક વધુ પગલું છે. જાણવા મળ્યું છે કે બીએસઈના આ એપ્લિકેશનને સ્માર્ટ ફોન ધારકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

આ માટે તમારા સ્માર્ટ ફોનના બ્રાઉઝરમાં જઈ બીએસઈ ઈન્ડિયા ટાઈપ કરો એટલે બીએસઈની અંગ્રેજી વેબસાઈટ ખૂલશે, તેમાં લેંગ્વેજના ઓપ્શનમાં ગુજરાતી સિલેક્ટ કરશો એટલે ગુજરાતી.બીએસઈઈન્ડિયા.કોમ ખૂલશે. હોમ પેજ પરના ‘‘બીએસઈ ઈન્ડિયા એપ હવે ગુજરાતીમાં'' શીર્ષકવાળા બોક્સ પર ક્લિક કરશો એટલે એક બોક્સ દેખાશે, જેના પર ક્લિક કરી તમે આ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકશો. અન્ય રીતે જોઈએ તો ગુગલ પ્લેમાં જઈ બીએસઈ ઈન્ડિયા ટાઈપ કરશો એટલે બીએસઈની વેબસાઈટ ખૂલશે અને ત્યાંથી પણ તમે ગુજરાતી વેબસાઈટ પર જઈ આ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકો છો.

## ગુજરાતી વેબસાઈટ બરાબર દેખાતી નથી ?

ઘણી વાર તમે gujarati.bseindia.com ક્લિક કરો એટલે સાઈટ ખૂલી જાય છે પરંતુ એમાંના શબ્દો કોઈ બીજી ભાષાના હોય એવા દેખાય છે, કોમ્પ્યુટરની ભાષામાં તેના ગાર્બેજ કહેવામાં આવે છે. જો આ મુશ્કેલી નડતી હોય તો તમારે તમારા બ્રાઉઝરમાંની કૂકીઝ સાફ કરવી જોઈએ, તેમાંની બ્રાઉઝિંગ હિસ્ટરી, ટેમ્પરરી ફાઈલ્સ ઈત્યાદિ બધી માહિતી રદ કરી નાખવી

જોઈએ. આમ કર્યા બાદ તમે ગુજરાતી વેબસાઈટને જોઈ શકશો, કારણ કે હવે આ સાઈટ સ્માર્ટ ફોન્ટ્સ ધરાવે છે એટલે ફોન્ટ્સ ડાઉનલોડ કરવાની જરૂર નથી. આમ કર્યા છતાં પણ જો તમે આ સાઈટ ન જોઈ શકતા હો તો સાઈટના સૌથી ઉપરી હિસ્સામાં અંગ્રેજીમાં Fonts લખેલું બોક્સ છે એના પર ક્લિક કરવું, જેમાં જણાવેલી સૂચના પ્રમાણે ફોન્ટ્સ ડાઉનલોડ કરી શકાશે.

——————————————————————————————————————